# સાબરકાંઠા જિલ્લામાં જળ અભિયાનનો શુભારંભ

## સમગ્ર જિલ્લાના ૪૩૮ તળાવો, ચેકડેમના કામ હાથ ધરવામાં આવશે

સમગ્ર ગુજરાતમાં તા. ૧ લી મે, ૨૦૧૮ થી પ્રારંભાયેલા સુજલામ સુજલામ જળ સંચયના રાજયવ્યાપી અભિયાનના ભાગરૂપે આજે સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મેસણ અને હિંમતનગરના વિરપુર ખાતેથી જિલ્લા પ્રભારી અને સિંચાઈ મંત્રીશ્રી પરબતભાઈ પટેલના હસ્તે ગામ તળાવ ઉંડું કરવાના કામ સાથે મંત્રીશ્રીએ સાબરકાંઠા જિલ્લામાં જળ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

ઈડરના મેસણ ખાતે યોજાયેલા કાર્યક્રમને ખૂલ્લો મૂકતાં રાજ્ય મંત્રીશ્રી પરબતભાઈ પટેલએ આજના ૫૮ મા રાજ્ય સ્થાપના દિન - ગુજરાત ગૌરવ દિનની શુભકામના સાથે ગૌરવશાળી ગુજરાત સમગ્ર દેશ અને વિશ્વમાં પણ પ્રથમ ક્રમનું રાજ્ય બની રહે તેવી સૌ પ્રજાજનોને શુભકામના પાઠવી હતી.

સાબરકાંઠા જિલ્લાનાં ઈડરના મેસણ ગામે ૪ હેક્ટર કરતાં પણ વિશાળ તળાવને ઉંડુ કરીને જળસંગ્રહ શક્તિમાં વધારો થશે. તેની સાથે સમગ્ર રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ મંત્રીશ્રીઓનાં હસ્તે આજે આ અભિયાનનો પ્રારંભ કરાયો છે,

સાબરકાંઠા જિ?લામાં ૧૮૪ તળાવો ઉંડા કરવા, ૩૦૯ ચેકડમ ડીસિલ?ટીંગ કરવા તથા ૧૧ નહેરોના ડીસિલ?ટીંગનું કામ કરવામાં આવશે. જેમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત જળસંપત્તિ વિભાગ દ્વારા ૨૯ તળાવ ઉંડા કરવા, ૧૩૩ ચેકડેમ ડીસીલ્ટીંગ અને ૧ નહેરની સફાઈ મળી કુલ ૧૬૬ કામ કરવમાં આવશે. જયારે સિંચાઈ પંચાયત વિભાગ દ્વારા ૧૬૨, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૧૪૯, જિલ્લા વોટર શેડ દ્વારા ૧૧૬ કામો હાથ ધરવામાં આવશે.

જીલ્લામાં આવેલ નગરપાલિકા વિસ?તારોમાં પણ જળસંચયના કામો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લાની ૧૩ પાણી પુરવઠા યોજનાની ૮૦૫ કિ.મી પાઈપ લાઈનના કુલ ૮૩૯ એરવાલ્વ તપાસ કરી મરામત હાથ ધરવામાં આવશે અને પાણીના વ્યયને અટકાવવામાં આવશે. જિલ્લામાં વન વિભાગ દ્વારા ૧૦,૫૭,૦૦૦ રોપાઓનું વાવેતર કરી જિલ્લાને હરીયાળો બનાવવાની દિશામાં કામગીરી કરવામાં આવશે. સુજલામ સુફલામ જળસંચયના અભિયાનમાં સામાજિક-સ્વૈચ્છિક-શૈક્ષણિક સંસ્થાઓ, ઉધોગો સાધુ સંતો, મહંતો અને તમામ પ્રજા વર્ગ આ જળયજ્ઞમાં જોડાવા અપીલ કરી હતી.

જળસંપતિ, પાણી પુરવઠા મંત્રીશ્રી પરબતભાઈ પટેલએ વધુમાં ઉમેર્યું હતું કે, તા.૩૧ મી મે, ૨૦૧૮ સુધી ચાલનારા આ અભિયાનમાં સમગ્ર ગુજરાતમાં ૧૩,૦૦૦ જેટલા તળાવો-ચેકડેમો ઉંડા કરવાના કામથી ૧૧ લાખ ઘન ફુટ પાણીનાં સંગ્રહ માટે ૪,૦૦૦ થી વધુ જેસીબી મશીન અને ૮,૦૦૦ થી વધુ ટ્રેક્ટર-ડમ્પરનો ઉપયોગ કરાશે. ખેડૂતો આ માટી-કાંપનો ઉપયોગ નિઃશુલ્ક કરી શકશે.

હિંમતગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ પ્રાસંગિક ઉદબોધન કરાતા જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોને પુરતા પ્રમાણમાં પાણી મળે તો ખેડૂતો સારી ખેતી કરી શકે છે અને તેને અનુલક્ષીને જ રાજયભરમાં આ અભિયાન થકી જલ મંદિરો બનાવીને ભૂગર્ભ જળની સપાટી ઉંચી લાવીને પાણીનો મહત્તમ ઉપયોગ કરાય તેવું વર્ષો પછી આ વિક્રમી અભિયાન હાથ ધરાયું હતું.



## રાધિવાડમાં ગામે પાણીનો બગાડ

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામના પાણીના પાઈપમાંથી પાણી નો વેડફાટ થઈ રહ્યો છે અને ગામમા ૭ દિવસે પણ પૂરતું પાણી પહોંચતુ નથી. ગુજરાત સરકાર ઘ્વારા પાણીના બચાવ માટે સુજલામ સુફલામ યોજના આમલમાં મૂકી કરોડો રૂપિયા ખર્ચી રહી છે અને આવા તપતા ઉનાળામાં લોકો કિલોમીટર ચાલી પાણી લાવે છે ત્યારે ખેડબ્રહ્મા ના રાધીવાડ ગામમાં જલ સંચય યોજના ઘ્વારા તળાવમાંથી પાઈપ લાઈન મારફતે પાણી ગામના ટાંકમાં પહોંચાડવામાં આવે છે ત્યાંથી ગામમમાં પૂરું પાડવામાં આવે છે. આ પાઈપ લાઈનના એર વાલ્વ માથી પાણી વહી ખેતરમાં જઈ રહ્યું છે અને હજારો લીટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. ગામના લોકોના જણાવ્યા અનુસાર હાલ ગામમાં પાણી સાત દિવસે આવે છે અને તંત્ર ઘ્વારા આવી રીતે પાણીનો બગાડ થવાથી ગામ લોકોને પૂરતું પાણી મળતું નથી જે પંચાયતને બેદરકારીનો પુરાવો છે. આ અંગે રાધિવાડના તલાટી અખિલ પટેલને પૂછતાં તેમને જણાવેલ કે હું હાલમાં જ નોકરી પર આવ્યો છું અને ગામમાં પાણી ક્યાથી આવે છે તે મને ખબર નથી.

## લાખણેચી માતાજી મંદિરે પૂનમે ભક્તો ઉમટ્યા

સમસ્ત ઘોછળ રબારી સમાજના કૂળદેવી સુપ્રસિદ્ધ લાખણેચી મંદિર દર પૂનમની જેમ આ પૂનમે ભક્તો ઉમટ્યા હતા. રાતથી પદયાત્રીઓમાનો જય જય કાર બોલાવતા નિજ મંદિરે આવી પહોંચ્યા હતા. લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલ મા લાખણેચી મંદિર વિશાળ જગાએ બનાવેલ છે. યાત્રિકો માટે રહેવા વિશાળ ગેષ્ટહાઉસ તેમજ પ્રસાદ માટે ભોજનાલયની વ્યવસ્થા રાખેલ છે. ટ્રસ્ટના પ્રમુખ સાગરભાઈ રબારી વ્યવસ્થાપક કમિટિ અને મા ના સેવકો દ્વારા આવનાર યાત્રિકો માટે નિઃશુલ્ક રહેવા જમવાની વ્યવસ્થા રાખવામાં આવે છે. ટુંક સમયમાં નિજ મંદિર ખાતે આકાર લઈ રહેલ નવા મંદિરનો પાટોત્સવ અને ધજા આરોહણ ઉત્સવની તડામાર તૈયારીઓ થઈ ગઈ છે.

## મેઢાસણ પાટિયાના સર્કલે આઈ-૨૦ કારના ચાલકે અથડાવતાં ૪ યુવાનો ઈજાગ્રસ્ત

મોડાસા-હિંમતનગર રાજ્યધોરી માર્ગ પર આવેલા મેઢાસણ પાટિયા નજીક અકસ્માતની ઘટનાઓ છાસવારે બનતા થોડા સમય પહેલા રોડનું




નવીનીકરણ થતા અકસ્માત નિવારવા માટે સર્કલ બનાવવામાં આવ્યું છે. રવિવારે રાત્રે હિંમતનગર તરફથી આઈ-૨૦ કાર ચાલાક યુવાને પુરઝડપે હંકારી સર્કલ સાથે અથડાવતાં કારના આગળનો ભાગનો ભુક્કો બોલાઈ જતા કાર ચાલક યુવાન સહીત કારમાં સવાર અન્ય ૩ યુવાનોના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૪ ઈજાગ્રસ્ત યુવાનોને ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. કારમાં રહેલી એર બેગ ખુલી જતા ચારેય યુવાનોનો આબાદ બચાવ થયો હતો લોકોના જણાવ્યા અનુસાર ચારેય નબીરા રાજાપાઠમાં હતા અને ભાન પણ ભૂલી ગયા હોવાનું જણાવ્યું હતું. આ અકસ્માતની ઘટના અગમ્ય કારણોસર હજુ સુધી પોલીસ ચોપડે નોંધાઈ નહોતી.

# કાંકરેજ તાલુકાના કમ્બોઈ ગામે દિયા તળાવમાંથી માટી ચોરી ઝડપાઈ

વિધાઉટ રોયલ્ટીનું રેકેટ ઝડપાયું કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ અને સર્કલ ઓફિસર શિહોરી એ ઓચિંતા રેડ કરી તપાસ કરતા મામલો સામે આવ્યો. એક જેસીબી મશીન અને ત્રણ ડ્મ્ફર મળી કુલ એક કરોડ નો મુદ્દામાલ સીજ કરી તપાસ હાથ ધરી આદિપુર ક્ચ્સની ક્નટ્ક્ર્સ્ન કમ્પનીના ભીમજી વેલજી સોરઠીયા સામે કરવા મા આવી કાર્યવાઈ પાલનપુર ભૂસ્તર વિભાગ મા રિપોર્ટ મોકલવા કાર્યવાઈ શરૂ.

કાંકરેજમા રોયલ્ટીની ચોરીના કેસો યથાવત ભૂમાફિયાઓમાં વ્યાપ્યો ફફડાટ સેલ્લા કેટલાય સમયથી ચાલતું હતું. ખોદકામ અને ગાડીઓ ભરીને રેલ્વે પ્રોજેક્ટનું કામ ચાલુ સે ત્યાં લઈ જવાતી હતી માટી કોન્ટ્રાક્ટરને કોઈના બાપની બીક ના હોય એમ કાયદો અને તંત્રની ઐસી તેસી કરી પોતાના મળતીયાઓ સાથીઓ સાથે સાંઠ ગાંઠ કરી ચલાવાતું



હતું. રૉયલ્ટી ચોરીનું આ મસ મોટું કૌભાંડ આજે કાંકરેજ મામલતદાર સ્થળ ઉપર જઈ સર્કલ ઓફિસર શિહોરીએ છાપો મારી રેડ કરી તપાસ કરતા સમગ્ર મામલો બહાર આવતા હડ્કમ્પ મચી જવા પામ્યો હતો. એક કરોડનો મુદ્દામાલ સીજ કરતા ભૂમાફિયાઓમા ફફડાટ ફેલાયો હતો. શિહોરી સર્કલ ઓફિસર બી. એસ. સોલંકી અને કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણની રોયલ્ટીની ચોરી ઝડપવાની કામગીરીથી રાજકીય ગરમાવો જ્યારે ક્મ્બોઈ વાસીઓમાં ખુશીઓ ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.

# કેન્દ્રીય અનુસૂચિત જનજાતિ રાષ્ટ્રીય આયોગની ટીમ યાત્રાધામ અંબાજી પહોચી

ભારત સરકારના અનુસૂચિત જનજાતિ રાષ્ટ્રીય આયોગની એક ટીમ આજ યાત્રાધામ અંબાજી ખાતે પહોચી હતી. આ ટીમના કુલ ૫ મુખ્ય હોદ્દેદારો આયોગના અધ્યક્ષ નંદકુમાર સાંઈ સાથે ગત રાત્રીએ અંબાજી પહોચી સરકારી ગેસ્ટહાઉસમાં રાત્રી રોકાણ કર્યું હતું ને આજે સવારે અંબાજી મંદિરની મુલકાતે પહોંચ્યા હત્તા જ્યાં બ્રાહ્મણ દ્વારા કુમકુમ તિલક કરી તેમનું સ્વાગત કરાયું હતું અને ત્યાર બાદ આ આખી ટીમે અંબાજી મંદિરમાં માં અંબાની મંગળા આરતીનો લાભ લીધો હતો. જ્યાં થયા બાદ પૂજારી દ્વારા કુમકુમ તિલક કરી ચૂંદડી પહેરાવી માતાજીની પાદુકાથી આશીર્વાદ આપ્યા હતા. આ ટીમે માતાજીની ગાદી ઉપર ભટજી મહારાજના આશીર્વાદ લઈ રક્ષા પોટલી બંધાવી હતી. જોકે અંબાજી પહોંચેલી આ ટીમના એટલે કે ભારત સરકારમાં અનુસૂચિત જનજાતિ રાષ્ટ્રીય આયોગના અધ્યક્ષ નંદકુમાર સાંઈએ



જણાવ્યું હતું કે આ આયોગ જનજાતિ સમાજના હિત માટે અને તેમના સુરક્ષા માટે બનાવમાં આવ્યું છે અને આ જાતીના લોકોને કોઈ અન્યાય તો થતો નથી ને. તેમજ જમીન, જગ્યા અને શિક્ષણ માટેની શું વ્યવસ્થા છે તે અંગેની દેશભરમાં આ આયોગ વ્યવસ્થા જોઈ રહ્યું છે અને ખાસ કરીને જનજાતિને મળેલ અનામતની પ્રતિકુતી થઈ રહી છે કે નહી તે જોઈ રહ્યું છે. જોકે અંબાજી પહોંચેલા આ આયોગના અધ્યક્ષ નંદકુમાર સાંઈએ ખાસ નશાબંધી ઉપર ભાર મુકતા જણાવ્યું હતું કે મધ્યપ્રદેશમાં અનુસૂચિત જનજાતિના લોકોને શરાબ મુક્ત કરવા મેં ૪૭ વર્ષથી નમક(મીઠું)નો ત્યાગ કર્યો છે ને આજદિન સુધી મીઠું મેં ૧૯૭૦ થી આજદિન સુધી નમક (મીઠું) ખાધું નથી.

# ઊંઝા ખાતે શ્રી ઉમિયા માતાજીની ભવ્ય નગરયાત્રા દબદબાપૂર્વક નિકળી

ઊંઝા, તા. ૧

આજે ઊંઝા શહેરમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પરંપરાગત રીતે કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજીની ભવ્ય નગરયાત્રા દબદબાપૂર્વક ભારે હર્ષોલ્લાસ અને માના ગુણગાન સાથે નીજ મંદિરેથી નીકળી હતી. જેમાં ઘણી મોટી સંખ્યામાં માઈભક્તોએ જોડાઈને મા ઉમિયાના જયઘોષ થકી સમગ્ર વાતાવરણને ગુંજવી દીધુ હતું.

સવારના સમયે માતાજીના નીજ મંદિરેથી ચાંદીના રથમાં મા ઉમાની ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં હજ્જારોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો જોડાતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. માતાજીના નીજ મંદિરેથી નિકળેલ આ યાત્રા શહેરના વિવિધ માર્ગો તરફ પ્રયાણ કરી લાલ દરવાજા, વડેચીમાતા, બહારમાઢ, ખજુરીપોળ, ચબુતરા, કોટકુવા, છીપાવાડ, સ્વામીનારાયણ મંદિર, વાડીપરૂ, રામબાગ, બાળોજમાતા, ગંજબજારમાં થઈને ગાંધીચોક, સટ્ટાહોલ, આઝાદચોક, ડબગરની પીંપળ, ખારાકુવા થઈ માતાજીના નીજ મંદિરે પરત પહોંચી હતી.



આ નગરયાત્રામાં શ્રી માતાજીના રથની સાથે હાથી-ઘોડા, બગીઓ, સ્કૂટર અને મોટરસાયકલ સવારો, મોટરકારો, ટેબ્લો, બેન્ડવાજા, ધ્વજ પતાકા, મૂન વોકર વિવિધ નૃત્યો વગેરેએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. જેમાં બગી, ટ્રેક્ટર અને જીપ, ઘોડાઓને સોળેકળાએ સજાવવામાં આવ્યા હતા. રામ, લક્ષ્મણ, હનુમાનનો વેશ ધારણ કરી બાળકોએ સતયુગના દર્શન કરાવ્યા હતા આ નગરયાત્રામાં શહેરીજનો તથા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. નગરયાત્રામાં શહેરના યુવક મંડળો, ભક્ત મંડળો, મહિલા ભક્ત મંડળો જોડાયા હતા. નગરયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તજનો જોડાવવાથી રાજમાર્ગો પર લાંબી કતારો જામી હતી.

આ યાત્રા દરમિયાન ભક્તજનોને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. શહેરના રસ્તાની બન્ને સાઈડ ઉપર ઉમટી પડેલ ભાવિક ભક્તજનોએ ઉમળકાભેર યાત્રામાં જોડાયેલ ભાવિક ભક્તો અને માતાજીના રથનું પુષ્પોથી સ્વાગત કર્યું હતું.

આ યાત્રા ગંજબજારમાંથી નીજ મંદિરે પરત ફરી હતી ત્યારે શહેરનો મુખ્ય માર્ગ ઉપર શ્રદ્ધાળુઓએ બોલ મારી ઉમિયા જય જય ઉમિયાનો જયઘોષ સતત જારી રાખ્યો હતો. ત્યારે બે ઘડી ભક્તિનો ભારે માહોલ સર્જાયો હતો. અસહ્ય ગરમી હોવા છતાં હજારોની જનસંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. સેવાભાવી સંસ્થાઓ દ્વારા શરબત, ઠંડા પાણીના પાઉચ તેમજ ઠંડી છાશની સુવિધા પુરી પાડવામાં આવી હતી. આ નગરયાત્રા નિમિત્તે માતાજીના પાવન દિવસે દરેક નગરજનોએ ઘેર ઘેર ઉજાણી મનાવી અને ઘરના દ્વારે આસોપાલવના તોરણ બાંધી સમગ્ર ઉત્સવને ઉત્સાહથી દિપાવ્યો હતો. નગરયાત્રાને પગલે શહેરના મુખ્ય માર્ગો પર ધજાપતાકાઓથી શણગારવામાં આવ્યા હતા. સમગ્ર નગરયાત્રાનું આયોજન ઉમિયામાતા સંસ્થાન ઊંઝા અને ઉમા માઈ મંડળના સહયોગ દ્વારા કરાયું હતું.

# મોડાસામાં જળ સંચય અભિયાન અંતર્ગત માઝુમ નદીને સ્વચ્છ બનાવવા અભિયાન

મોડાસા, તા. ૧

ગુજરાત સ્થાપના દિવસની રાજ્ય સરકાર દ્વારા વિશિષ્ઠ રૂપે



ઉજવણી કરવાનું આયોજન કરી રાજયમાં જનશક્તિને જોડીને જળશક્તિ વધારવાનું અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ૪ વાવનું શુદ્ધિકરણ તેમજ ચેકડેમોની ક્ષમતા વધારવા અને તળાવો કરવાની કામગીરી હાથ ધરવાની સાથે મોડાસા શહેરની જીવાદોરી સમાન માઝુમ નદીમાં સ્વચ્છતા અભિયાનમાં ૫૦૦થી વધુ જન ભાગીદારી વડે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા અભિયાનમાં સહકાર આપવામાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા શહેરમાંથી પસાર થતી માઝુમ નદીમાં કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર નજીક ગંદકીના થર જામતા અને ઝાડી-ઝાંખર ઉગી નીકળતા માઝુમ નદી વહેતા પાણીના બદલે ગંદકીના ઢગલા સમી ભાસતી હતી. મંગળવારે જિલ્લા વહીવટી તંત્ર મોડાસા નગરપાલિકા અને લોકભાગીદારીના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરી, સાંસદ દીપસિંહ રાઠોડ, જીલ્લા કલેક્ટર એન.નાગરાજન, જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવી, જીલ્લા પોલીસ વડા કે.એન. ડામોર, જીલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, મોડાસા નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, નગર પાલિકા ચીફ ઓફિસર પ્રણવ પારેખ, શૈલેષ ભોઈ સહીત નગરજનો અને મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. માઝુમ નદીને સ્વચ્છ બનાવવા માટે નગરપાલિકા તંત્રએ ૭ જે.સી.બી અને ૧૪ ટ્રેક્ટર અને અન્ય વાહનો મારફતે નદીમાં રહેલો કચરો ઉલેચવા કામગીરીમાં સામેલ કરી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

# કાંકરેજ તાલુકાના આકોલી ગામે વ્યાસ નાયકો દ્વારા ભવાઈનો કાર્યક્રમ યોજાયો

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના આકોલી દરબાર ગઢમાં નાયક હિન્દુ તરગાળા દ્વારા વ્યસન મુક્તિ, સામાજિક કુરિવાજો અને જન જાગ્રુતિ કાર્યક્રમ ભવાઈ કરવામા આવી હતી. જેમાં મોટી સંખ્યા મા વડીલો બાળકો ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા જેમાં રાજા રજવાડાં વખતે રઐય્ત ને સાચો ન્યાય રાજા દ્વારા આપવામા આવતો અને પ્રજાના પ્રશ્નોનો તત્કાલિન નિવેડો લાવાતો જ્યારે અત્યારના સમય મા કોર્ટ કચેરીઓ ના ધરમ ધક્કા થી પ્રજા ને પારાવાર મુશ્કેલીઓ નો સામનો કરવો પડે ત્યારે આવા રાજા રજવાડાઓ ની રીત ભાત અને રાજપૂત સમાજ ની પરમ પરા ને જાળવી રાખવા દરબારો ના ગામડે પોતાના વંશજો ના બારોટ .ભવાયા તરગાળા નાયક દ્વારા પોતાના રાજ ધર્મ વિષે માહિતી પૂરી પાડી યથા શક્તિ પ્રમાણે દાન દક્ષિણા મેળવી આ હિન્દુ તરગાળા નાયક પરિવાર પોતાના કુટુંબના સભ્યો નું જીવન ગુજારે સે ત્યારે ભારત સરકાર અને ગુજરાત સરકારો દ્વારા આવા લોકો મા જન જાગ્રુતિ ના સુંદર કાર્યક્રમો આપતા હોય એમને નવાજવા મા આવે અને એમને સરકાર દ્વારા મકાન સહાય .વ્રુધ્ધ પેન્શન .વીમો અને મેડિકલ જેવી સેવાઓ અલગ થી સ્પેશલ આપવા મા આવે તો આવા નાયકો ના પરિવારના બાળકોના ભવિષ્ય સુધારી જાય જે પોતાના કુટુંબના સભ્યો ની પરવા કર્યા વગર પોતાના જીવન ની એક એક પળ બીજા ના માટે આપે સે ત્યારે ગુજરાત સરકારના સંગીત અકેડેમિ માહિતી પ્રસારણ ગાંધીનગર આ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના મૌસા ગામની મુલાકાત લઈ આવા કુટુંબના સભ્યોના જીવન નિર્વાહની ચિંતા કરે એવી લોક લાગણી સાથે

● અનુસંધાન પાના - ૭ પર

# બાયડ તાલુકામાં પોલીસ જવાનની રોમિયોગિરી સમગ્ર પંથકમાં ચર્ચાના ચકડોળે

બાયડ, તા. ૧

અરવલ્લી જિલ્લામાં પોલીસતંત્રની કામગીરી સામે અનેક સવાલો પેદા થયા છે અને કાયદાનો રક્ષક જ ભક્ષક બને તેવી અગાઉ અનેક ઘટનાઓ ઘટી છે. ત્યારે ફરીથી અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં ફરજ બજાવતો એક નવયુવાન પોલીસની રોમિયોગિરીથી ગ્રામ્ય વિસ્તારની યુવતીઓ અને પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ તરીકે ફરજ બજાવતી મહિલા પોલીસકર્મીઓ પણ યુવાન પોલીસની દબંગાઈથી તોબા પોકારી ઉઠી છે પરંતુ ચુસ્ત શિસ્તપાલન અમલવારી માટે જાણીતા પોલીસતંત્રમાં રજુઆત કરવાથી ગભરાતી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. હાલ બાયડ તાલુકામાં પોલીસ જવાનની લુખ્ખાગિરી ટોક ઓફ ધી ટાઉન બની છે.

હાલ ગુજરાત રાજયમાં અસામાજિક તત્વો લુખ્ખાગીરી અને રોમિયોગીરીને નાથવા માટે ગુજરાત પોલીસે રોમિયોગીરી કરતા આવારાગર્દીઓને નાથવા એન્ટી રોમિયો સ્ક્વોડ બનાવવામાં આવી છે. બીજી બાજુ પોલીસમાં ફરજ બજાવતા કેટલાક નવ યુવાનો પોતાની જાતને દબંગ અને સિંઘમ સમજતા હોવાની સાથે પ્રજાજનો સાથે બેફામ વર્તન અને વાણી વિલાસ અને મહિલાઓ અને યુવતીઓ સાથે અભદ્ર વર્તન કરતા હોવાની ઘટનાઓ ઘટે છે પરંતુ પોલીસ સામે લોકો શસ્ત્રો હેઠા મૂકી દેતા હોય છે.

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતો એક નવયુવાન પોલીસકર્મી પોતાની ફરજ ભૂલી પ્રજાજનોની રક્ષા કરવાના બદલે રોમિયોગીરીના રવાડે ચડતા અને દબંગાઈ કરતો હોવાની અને મહિલા પોલીસકર્મીને પણ રંજાડતો હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે. ત્યારે જીલ્લા પોલીસવડાએ આવા પોલીસકર્મી સામે સખ્ત પગલાં ભરવાની તાતી જરૂર છે. ચુસ્ત શિસ્તપાલન માટે અને કાયદાની અમલવારી જેને માથે ફરજ છે તેજ તંત્રના કેટલાક કર્મીઓ ફરજનું પાલન કરવાના બદલે ભાન ભૂલી આવી હરકતો કરતા હોવાથી લોકોમાં છૂપો ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

## મોડાસા ચાર રસ્તા પર રાષ્ટ્રીય મૂલનિવાસી મહિલા સંઘનું બળાત્કારની ઘટનાઓ અટકાવવા ધરણા

મોડાસા, તા. ૧

દેશમાં સતત મહિલાઓ પ્રત્યે વધતા અત્યાચાર અને બાળકીઓ સહીત સગીરાઓ અને મહિલાઓ પર બળાત્કારની ઘટનાઓમાં ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે અને મોટેભાગે દુષ્કર્મનો ભોગ બનેલી મહિલાઓ અને બાળકીઓ અનુસૂચિત



જનજાતિ, અનુસૂચિત જાતિ, પછાત વર્ગ અને અલ્પસંખ્ય સમાજની હોવાની અને કઠુઆ જમ્મુ કાશ્મીરમાં માસુમ બાળકી પર થયેલા બળાત્કારની ઘટના પછી સાંસદ કિરણ ખેરે કરેલા વિવાદાસ્પદ નિવેદન ‘‘બલાત્કાર યહ હમારી સંસ્કૃતિ હૈ’’ના નિવેદનનો વિરોધ કરી મહિલાઓને રક્ષણ પૂરું પાડવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ચાર રસ્તા પર વિરોધ પ્રદર્શન કરી ધરણા કરવામાં આવ્યા હતા.

અરવલ્લી જિલ્લામાંથી આ ધરણા કાર્યક્રમમાં અનુસૂચિત જાતિના યુવા અગ્રણી આનંદ પરમાર, અમિત મકવાણા, અનિલ પરમાર, સુરેશ પાટીલ સહીત અન્ય મહિલાઓ અને સમાજના અગ્રણીઓ જોડાયા હતા.